# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દાહોદ દ્વારા કિસાન દિવસની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ દ્વારા તા:૨૩/૧૨/૨૦૧૮ના રોજ સંજેલી મુકામે કિસાન દિવસની ઉજવણી અર્થે ખેડૂત - વૈજ્ઞાનિક પરામર્શનુ આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં કે.વિ.કે.ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. યુ. એમ. પટેલ તેમજ વૈજ્ઞાનિકો પૈકી ડૉ. આર. રાધા રાની (પશુપાલન), પ્રો. એચ. એલ. કાચા (બાગાયત) અને પ્રો. જી. કે. ભાભોર (વિસ્તરણ શિક્ષણ) તેમજ સંજેલી તાલુકાના જુદા જુદા ગામોથી પધારેલ કુલ ૫૮ ખેડૂત ભાઇઓ અને બહેનો ભાગ લીધેલ.

કાર્યક્રમની શરૂઆતમાં ડૉ. યુ. એમ. પટેલે શાબ્દિક ઉદ્દબોધન કરેલ જેમાં તેમણે કિસાન દિવસની ઉજવણી જેમના જન્મ દિવસે આ કાર્યક્રમ યોજવામાં આવે છે તેવા પુર્વ વડાપ્રધાન શ્રી ચરણસિહ ચૌધરીના વિશે ખેડૂતોને અવગત કરવામાં આવેલ તેમજ કાર્યક્રમમાં ખેડુતોને આવક બમણી કરવા માટેના વિસ્તારમાં રહેલ ક્ષમતાઓ વિશે ચર્ચા કરેલ. ત્યારબાદના તબક્કામાં પ્રો. એચ. એલ. કાચા દ્વારા શાકભાજી પાકોની ખેતી કરતા ખેડૂતોના વિવિધ પ્રશ્નોની ચર્ચા કરી તેમજ સ્વચ્છતા પખવાડિયા ચાલતુ હોઇ નિંદમાણની વિવિધ યાંત્રિક અને રસાયણ પદ્ધતિઓ વિશે જણાવેલ. ત્યારબાદ ડૉ. આર. રાધા રાનીએ પશુપાલન કરતા પશુપાલકોને વૈજ્ઞાનિક રીતે સ્વચ્છ દુધ ઉત્પાદન વિશે માહિતી આપેલ અને ખેડુતો દ્વારા પશુપાલનમાં ઉદ્દભવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ. કાર્યક્રમમાં ખેડુતોએ ખુબ ઉત્સાહપુર્વક ભાગ લીધેલ તેમજ તેમના પ્રશ્નોનું સંતુષ્ટપણે નિવારણ થયેલ છે તેવો પ્રતિસાદ જોવા મળેલ. આ કાર્યક્રમનું આયોજન અને સફળ સંચાલન પ્રો. જી. કે. ભાભોર દ્વારા કરવામાં આવેલ.










ખેડૂત દિન
સ્વચ્છતા એજ સેવા

